**Order Below Ex. 107 in Spl.C.Suit No. 315/2019**

વાદીની અરજી વંચાણે લીધી.

પ્રતિવાદી વકીલશ્રીના વાંધા ધ્યાને લીધા.

વાદીએ હાલની અરજી આપી રજુઆત કરેલ છે કે દાવો ફાઈનલ દલીલ માટે છે અને દાવાવાળી મિલકત વડીલોપાર્જીત ફંડમાંથી ખરીદવામાં આવેલાનથી તકરાર છે અને વાદીના દાદની ભરૂચની મિલકત વાદીના પરદાદા અમરતલાલ ઠાકોરલાલ તા.૯/૧/૨૦૦૫ ના રોજ અવશાન પામેલા અને તેથી વાદીના દાદાને મળેલ અને તેના વેચાણ અવેજમાંથી સને ૨૦૦૭ માં દાવાવાળીીમલકત ખરીદ કરવામાં આવેલ. તેના સીટી સર્વેના પુરાવા હાલમાં મળેલા હોય તે પુરાવા રજુ કરવા પરવાનગી માંગેલ છે અને જણાવેલ છે કે તેથી પ્રતિવાદીને કોઈ પ્રિજયુડાઈસ ઉપસ્થિત થતો નથી અને તેથી સીટી સર્વેના પ્રોપર્ટી કાર્ડની ખરી નકલ રેકર્ડ ઉપર લેવા રજુઆત કરેલ છે.

જે સામે પ્રીતવાદીને સખત વાંધો છે અને જણાવેલ છે કે આ કોઈ અચાનક મળે તેવો પુરાવો નથી, સને ૨૦૦૭ નો પુરાવો છે, વાદીને પુરાવા માટે યોગ્ય સમય આપેલો હતો અને તે પુરાવો પૂર્ણ થયા બાદ પ્રસ્તિવાદીનો પૂર્ણ થયા બાદ હાલનો પુરાવો આ તબકકે કેમ આવે છે તેનો કોઈ ખુલાસો નથી તેથી પુરાવો રેકર્ડ ઉપર લેવા સામે વાંધો છે.

આ અંગે કાયદાની જોગવાઈ જોવામાં આવે તો સીવીલ પ્રોસીઝર ઓર્ડર ૭ રૂલ ૧૪ માં સ્પષ્ટ જોગવાઈ છે કે વાદી પોતે જે જે પુરાવા ઉપર આધાર રાખતા હોય તે પુરાવા દાવા સાથે રજુ કરવા. જે પુરાવા તેના કબજામાં ન હોય તે દસ્તાવેજી પુરાવા લીસ્ટમાં દર્શાવવા કે તેઓ આ પુરાવા ઉપર આધાર રાખે છે પરંતુ તે દસ્તાવેજો તેના કબજામાં નથી અને આ વ્યકિતના કબજામાં છે. તેવી કોઈ પ્રક્રિયા વાદીએ કરેલ નથી. વાદીને કેસના દરેક તબકકે દસ્તાવેજો રજુ કરવા પરવાનગી આપેલ છે. વાદીએ પ્રથમ દસ્તાવેજી પુરાવા લીસ્ટ આંક – ૩ દાવા સાથે, બીજું દસ્તાવેજી પુરાવા લીસ્ટ આંક – ૩૩ તા.૬/૧૨/૨૦૧૭ આપવામાં આવેલ. અદાલતે તા.૨૧/૧૧/૨૦૧૯ ના રોજ આંક ૫ હેઠળ હુકમ કરી તમામ પક્ષકારોને સ્પષ્ટ સુચના આપેલ કે જે દસ્તાવેજો ઉપર આધાર રાખતા હોય તે આ હુકમની તારીખથી ૧૫ દિવસમાં રજુ કરી દેવા. તે જ દિવસે વાદીએ આંક – ૫૧ થી નવું દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ. ચોથું દસ્તાવેજી પુરાવા લીસ્ટ તા.૨૧/૧/૨૦૨૦ ના રોજ આંક – ૫૮ થી રજુ કરેલ. આમ, વાદીએ સમગ્ર ટ્રાયલ દરમ્યાન ચાર ચાર વખત દસ્તાવેજો રજુ કર્યા

**અને અદાલતે તે રેકર્ડ ઉપર લીધા પણ ખરા. વાદીનો દાવો સને ૨૦૧૫ નો છે. રેકર્ડ જોતા વાદીને દાવો ચલાવવા કરતાં લંબાવવામાં ઘણો રસ જાગેલો તે રેકર્ડ ઉપર છે. વાદીને પુરાવો રજુ કરવાની તમામ તક આપેલ તેમ છતાં હાલની અરજીમાં વાદીએ એક કારણ એવું જણાવેલ નથી કે અદાલતને સંતોષ થાય કે આ કારણે વાદીને સદર દસ્તાવેજ આજે દલીલના તબકકે રજુ કરવા પરવાનગી આપવી જોઈએ. આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર ગુજરાત હાઈકોર્ટના કેટલાક ચુકાદાઓ વંચાણે લેવા જરૂરી છે.**

A. Special Civil Application No. 18195/2013 **Nanubhai Bhanabhai Bambhaniya** & vs Bhimabhai **Bhanabhai Bambhaniya** on 22 December, 2014 HELD THAT 11. A perusal of the application filed by the petitioners for production of documents reveals that there is nothing to indicate that the documents which the petitioners sought to produce on record were not in the custody of the petitioners at the relevant time. After a period of about more than fourteen years from the date of institution of the suit and filing of the written statement, the petitioners have moved the application for production of documents, which were in their own custody. 12. In the opinion of this court, the petitioners are making an attempt to fill in the lacuna after the evidence of the plaintiff is completed.... It is, therefore, apparent that the petitioners seek to delay the proceedings of the trial by moving such applications. Production of documents at this stage after the evidence of the plaintiff is over would also cause undue prejudice to the plaintiff.

B. Gujarat High Court in case Heirs Of Jahiram Sonubhai & 6 vs Goindu Pandu Kukna & 12 on 25 March, 2014 held that belated production of the documents without giving proper explanation of inordinate delay and after completion of evidence of plaintiff is not permissible.

**C. Rajasthan High Court in case of Mohan Raj vs Karan Chand And Ors. on 13 March, 2002 reported in AIR 2003 Raj 1, 2002 (4) WLN 506 held that "**18. The case requires to be considered in the light of the aforesaid settled legal propositions. Admittedly, the documents, which the revisionists wanted to be taken on record, related to the year 1992. Revisionists had not denied the factum of their knowledge about the said documents while the suit was filed in 1995; issues had been framed on 6.4.98; three witnesses had already been examined by the other side when revisionists filed the said application. No satisfactory explanation has been furnished for not filing the documents earlier; not the revisionists have submitted that filing of the documents at such a belated stage had not caused any prejudice to the other party, or the documents would not have any bearing on the evidence which had already been recorded. For want of such pleading and submission, the impugned order does not seem to be a case of improper exercise of jurisdiction by the trial Court."

**D. Gujarat High Court in case of Sanghi vs Rajesh decided**

**on 17 June, 2008** held that "In short, any of the relevant and necessary circumstances are not mentioned or explained in the application from which the learned Court could have satisfied itself and could have come to the conclusion that the opponent i.e. the petitioner was unable to produce the documents at the relevant point of time despite due diligence and best efforts and for good and sufficient reasons. Unless, the Court is satisfied that (1) the party to the proceedings was, despite due diligence and best efforts, unable to produce the documents at the material point of time, (2) it had good and strong reasons and justification for not producing the documents at the material point of time, (3) it has approached the court with a request to produce the documents at the first available opportunity and immediately after obtaining the same and without any further delay (4) and has satisfactorily explained the delay, the learned Court would be justified in not granting the request for production of the documents at a subsequent or later stage.

E. In Salem Advocate Bar Assn. (I) v. Union of India, (2003) 1 SCC 49, it has been clarified that on deletion of Order 18 Rule 17- A which provided for leading of additional evidence, the law existing before the introduction of the amendment i.e. 1-7- 2002, would stand restored. The Rule was deleted by Amendment Act of 2002. Even before insertion of Order 18 Rule 17-A, the court had inbuilt power to permit parties to produce evidence not known to them

earlier or which could not be produced in spite of due diligence. Order 18 Rule 17-A did not create any new right but only clarified the position. Therefore, deletion of Order 18 Rule 17- A does not disentitle production of evidence at a later stage. On a party satisfying the court that after exercise of due diligence that evidence was not within his knowledge or could not be produced at the time the party was leading evidence, the court may permit leading of such evidence at a later stage on such terms as may appear to be just."

**F.** **Supreme Court of India in Sugandhi (Dead) vs P. Rajkumar Rep. By Power Agent ... on 13 October, 2020 held that "**9. It is often said that procedure is the handmaid of justice. Procedural and technical hurdles shall not be allowed to come in the way of the court while doing substantial justice. If the procedural violation does not seriously cause prejudice to the adversary party, courts must lean towards doing substantial justice rather than relying upon procedural and technical violation. We should not forget the fact that litigation is nothing but a journey towards truth which is the foundation of justice and the court is required to take appropriate steps to thrash out the underlying truth in every dispute. Therefore, the court should take a lenient view when an application is made for production of the documents under subrule (3)."

**J.** **Patna High Court** Dewanti Devi v. Radheshyam

Tiwary, **<u>2019 SCC OnLine Pat 28</u>**, Order dated 04-01-2019] held that 6. Order 8 Rule 1A(3) of the CPC provides that the documents, which have not been produced along with the written statement, cannot be produced to the court later on without the leave of the court. Thus, if a document is to be produced by a defendant, the same is to be produced with the written statement. Subsequent production of document can be done only if the court is satisfied with the grounds explained for non-production of the documents at the time of filing of the written statement.

**ઉપરોકત તમામ ચુકાદાઓ વંચાણે લેવામાં આવે તો જે દસ્તાવેજ વાદીની કસ્ટડીમાં હતા અથવા સરળતાથી મળી શકે તેમ હતા તે દસ્તાવેજો વાદી, પોતાના દાવા સાથે રજુ ન કરે, પોતે વારંવાર દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કર્યા તે સમયે રજુ ન કરે, અદાલતે આંક – ૫ હેઠળ દસ્તાવેજો રજુ કરવાનો ચોકકસ આદેશ કર્યો તે સમયે રજુ ન કરે, પ્રતિવાદીનો પુરાવો પુરો થઈ જાય અને વાદીને દલીલ રજુ કરવાની તારીખ આપવામાં આવે તે દલીલ રજુ કરવાની તારીખે પુરાવો લઈ આવે અને તે શા માટે મોડો પુરાવો રજુ કરે છે તેનું કોઈ કારણ પણ ન આપે તો તેની નિયત અને મનશા બંને શંકાસ્પદ જણાય અને નામદાર અદાલતોના ઉપરોકત ચુકાદાઓ મુજબ તેનું દસ્તાવેજી પુરાવા લીસ્ટ રેકર્ડ પર લઈ શકાય નહી અને દસ્તાવેજને પુરાવામાં ગ્રાહય કરવાની દાત તો દૂર રહી.**

**પરંતુ હાલના કેસમાં સને ૨૦૧૫ ના કેસોમાં સને ૨૦૦૭ ની અસરવાળો પુરાવો જે વાદએ તા.૧૬/૯/૨૦૨૧ ના રોજ મેળવી લીધેલ હતો તે દસ્તાવેજ તેઓ તા.૨૪/૧૨/૨૦૧૯ ના રોજ અદાલતમાં લાવે તેથી જ સ્પષ્ટ છે કે જે રીતે વાદીએ કેસ સને ૨૦૧૫ થી લંબાવેલ છે તે રીતે તેઓ કાયદો જાણે જ છે કે અદાલત દસ્તાવેજ રેકર્ડ ઉપર નહી લે તેથી નમદાર ડિસ્ટ્રીકટ કોર્ટ, નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ રીવીઝનો કરી કેસ વધુ લંબાવી શકાશે. વધુમાં હવે તો સમય પણ એવો આવી ગયેલ છે કે એક ન્યાયીક અધીકારીએ કરેલા ન્યાયીક નિર્ણયના વહીવટી ખુલાસાઓ પણ આપવા પડે છે અને તે એક ન્યાયીક અધીકારી તરીકે કઠે છે. (આ અદાલત અહીં એમ જરા પણ કહેવા નથી માંગતી કે આ અદાલતના કોઈ**

**હુકમ ઉપર અપીલ રીવીઝન ન કરાય, માત્ર પક્ષકારનો ઈરાદો જે રેકર્ડ ઉપરથી ઉભરી આવે છે તે દર્શાવેલ છે તેથી મહેરબાની કરી કોઈ હાયર ઓથોરીટીએ એડર્વસ ન લેવું). તેથી આ અદાલત જાણે છે કે કાયદા મુજબ દસ્તાવેજ રેકર્ડ ઉપર ન લેવાય, પ્રતિવાદીને ખુલાસો કરવાનો તક નહી મળે, પરંતુ ઉપરોકત લખેલ તમામ એકસરસાઈઝથી બચવા અને કેસને લંબાણે પાડવાની ઈચ્છાનો અંત લાવવા માટે નાછૂટકે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.**

**હુકમ**

**વાદીની અરજી નીચેની શરતોએ મંજુર કરવામાં આવે છે.**

**શરત**

**૧. વાદીએ કોષ્ટ પેટે રૂા.૨૫,૦૦૦/– પચ્ચીસ હજાર પુરા તાલુકા લીગલ સર્વિસ ઓથોરીટી સુરતમાં જમા કરાવવા.**

**૨. વાદીએ તા.૨૭/૧૨/૨૦૨૧ ના રોજ સવારે ૧૦–૪૫ કલાકે પોતાની લેખિત દલીલ મુકી આપવી.**

**ઉપરોકત શરતોનું પાલન થયે દસ્તાવેજો રેકર્ડ ઉપર લઈ લેવામાં આવશે.**

Pronounced in ope court on today 24th Day of December 2021.

Place - Surat

Date - 24-12-2021

(Shilpa M. Kanabar)
2nd Addl. Sr. Civil Judge,
Surat - GJ00814.

**<u>પ્રોસીડીંગ</u>**

| | | |
|---|---|---|
| **૨૪/૧૨/૨૦૨૧** | 107 | **વાદીની દસ્તાવેજો રેકર્ડ પર લેવા અરજી. તે હેઠળ હુકમ કર્યો. તેની સાથે એક દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ છે તે આંક – ૧૦૭ ના હુકમના અમલ થયેથી રેકર્ડ ઉપર લેવામાં આવશે.** |
| | | **કામ આંક – ૧૦૭ ના હુકમના અમલ માટે** |

**૨૭/૧૨/૨૦૨૧**

(Shilpa M. Kanabar)
2nd Addl. Sr. Civil Judge,
Surat - GJ00814.